

# દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે યુવાનોનું કૌશલ્ય નિર્માણ





## પ્રત્યેક હાથને મળે કામ, દરેક પરિવાર બન્યાં ખુશહાલ...

- ધો. ૫થી ૮ના ૨.૮૫ લાખ વિદ્યાર્થીઓને ઈ-ક્લાસ દ્વારા શિક્ષણનો લાભ. રાજ્યની સરકારી પ્રા. શાળાઓમાં ધો-૭ અને ૮ના વર્ગખંડોમાં લેપટોપ, પ્રોજેક્ટર, ઈન્ફ્રારેડ કેમેરા, સ્માર્ટ બોર્ડ, સ્પીકર અને વાઈ-ફાઈ રાઉટરની સુવિધા તથા ધો.૭ અને ૮ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબલેટનું વિતરણ
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ કાર્યરત. શૈક્ષણિક અભ્યાસ માટે રૂ. ૧૦ લાખ સુધી અને વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન સહાય. સ્નાતકોને રોજગારી માટે રૂ. ૧૦ લાખની લોન સહાય.
- ગુજરાતીની દીકરીઓ યુપીએસસીની પ્રિલિમનરી પરીક્ષા પાસ કરે તો મેઈન પરીક્ષાની તૈયારી માટે રૂ. ૬૦,૦૦૦ અને ઈન્ટરવ્યૂ માટે રૂ. ૩૦,૦૦૦ની રોકડ સહાય.
- પ્રોફેશનલ કોર્સમાં અભ્યાસ કરતા એક લાખથી વધુ યુવાનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ. ૩૦૦ કરોડ કરતા વધુ રકમની આર્થિક સહાય.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત આર્થિક સહાયરૂપે રોજગારી. સ્નાતક યુવાનોને પ્રતિમાસ રૂ. ૬૫૦૦, ડિપ્લોમા ધારકને રૂ. ૪૫૦૦ અને અન્યોને રૂ. ૨૦૦૦. આ વર્ષે ૬૫,૦૦૦ યુવાનોને લાભ આપવામાં આવ્યો છે.
- ૧૦ લાખ યુવાનોને રોજગાર મેળાના માધ્યમથી રોજગારી પુરી પાડવામાં આવી છે.
- ૧ લાખ ઉપરાંત યુવાનોની પારદર્શક ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક. એક વર્ષમાં ૮૦ હજાર કરતા વધુ યુવાનોની સરકારી નોકરીમાં ભરતી.
- ધોરણ-૧૨ પાસ કરી ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવનાર રાજ્યના ત્રણ લાખ ઉપરાંત યુવાનોને માત્ર રૂ. ૧૦૦૦ની ટોકન કિંમતે ટેબલેટ આપવામાં આવ્યું. આ વર્ષે વધુ ૪ લાખ યુવાનોને 4G ટેબ્લેટ અપાશે.
- રાજ્ય સરકારે યુવાનોના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપી રાજ્યના તમામ તાલુકાઓની ૨૮૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ૧૧૩ ગ્રાન્ટ-ઈન-એઈડ અને ૩૯૦ સ્વનિર્ભર આઈટીઆઈના માધ્યમથી ૧,૯૬,૦૦૦ યુવા તાલીમાર્થીઓનું કૌશલ્યવર્ધન કરાયું છે.
- સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ પોલીસી જાહેર કરનારું ગુજરાત દેશનું અગ્રિમ રાજ્ય છે.
- સમાજના દરેક વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ માટે આર્થિક સહાય આપી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત કુટુંબની વાર્ષિક આવકમર્યાદા રૂ. ૪.૫ લાખથી વધારી ૬ લાખ કરાઈ.
- ગરીબ પરિવારની દીકરી જી.એમ.ઈ.આર.એસ. અને ખાનગી મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ. ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો સરકાર દ્વારા સંપૂર્ણ ટ્યુશન ફી.
- રાજ્ય સરકાર દ્વારા એન્જિનિયરીંગ બેઠકોમાં ૫૫૧ ટકા જેટલો વધારો. જ્યારે ડેન્ટલ, ફિઝીયોથેરાપી અને મેડિકલ કોલેજોમાં કુલ મળીને ૪૦૪ ટકા બેઠક વધારો કરાયો છે. આગામી દિવસોમાં ૧૦૦૦ બેઠકો વધારવાનું નક્કર આયોજન.
- રાજ્યની ૫ સરકારી ઈજનેરી કોલેજો અને એક સરકારી પોલિટેનિકમાં સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવાનો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

**સૌનો સાથ સૌનો વિકાસ... સાફ નિયત સાચો વિકાસ...**